## ભારતની મહિલા ટીમની વિશ્વકપ જીત અને WPLથી પ્રેરાઈ

# સુરતની ગર્લ્સને લાગ્યો ક્રિકેટનો ચસ્કો



ભારતની મહિલા ક્રિકેટ ટીમના વર્લ્ડ કપ વિજય અને BCCI દ્વારા વિમેન્સ ક્રિકેટ આઈપીએલ. ટુર્નામેન્ટ રમાડવાના આયોજન પછી મહિલા ક્રિકેટરોને નામ,કીર્તિ,સ્પોન્સરશિપ, નાણાં મળતા સુરત અને એની આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ટીનેજર અને યંગ છોકરીઓ વિમેન ક્રિકેટમાં પોતાનું નામ રોશન કરવા મોટી સંખ્યામાં ક્રિકેટની રમતમાં જોડાઈ રહી છે. ગુજરાતમાં સૌથી વધુ મહિલા ક્રિકેટરો સુરતથી ફસ્ટ કલાસ મેચોમાં સ્થાન પામી રહી છે. ધી સુરત ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનના ક્રિકેટ સેક્રેટરી ડો.નૈમેષ દેસાઈ કહે છે કે,"ભારતની મહિલા ક્રિકેટ ટીમના વર્લ્ડ કપ વિજય અને BCCI દ્વારા વિમેન્સ આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જે રીતે ભારતની સ્ટાર મહિલા ક્રિકેટરોએ નામના મેળવી સેલિબ્રિટીનું સાથે મેળવ્યું,એ રીતે તેઓ પાસેથી પ્રેરણા લઈ SDCA અને સુરતમાં આવેલી ક્રિકેટ એકેડમીઓમાં કુલ 150 જેટલી દીકરીઓ અંદર 15 અને અંડર 17 ક્રિકેટમાં એક વ્યવસાયી ક્રિકેટર તરીકે રમી રહી છે.એ પૈકીની કેટલીક મહિલા ખેલાડી વિમેન રણજી ટ્રોફી,ઈન્ડિયા એ ટીમ સુધી સ્થાન પામી છે.તો કોઈ BCCI લેવલ વન કોચ તરીકે પ્રતિભાશાળી ટેલેન્ટેડ વિમેન ક્રિકેટરોને કોચિંગ આપી રહી છે.









### સફળ મહિલા ક્રિકેટર પ્રજ્ઞા ચૌધરી BCCI લેવલ વન કોચ તરીકે યોગદાન આપે છે

SDCA ની વિમેન્સ ક્રિકેટ ટીમ અને પ્રોમિશિંગ મહિલા ક્રિકેટરોને ગુજરાત વતી 59 ફસ્ટ કલાસ મેચ રમનાર સફળ મહિલા ક્રિકેટર પ્રજ્ઞા ચૌધરી BCCI લેવલ વન કોચ તરીકે યોગદાન આપી રહ્યાં છે.પ્રજ્ઞા ચૌધરી કહે છે કે, અમારા સમયે ટેલેન્ટેડ મહિલા ક્રિકેટરોને શોધીને SDCA ના કેમ્પમાં લાવવા સમજાવવામાં આવતી હતી.એ સમયે માંડ 30/40 બહેનો મળતી એમાંથી અંદર 15/17 અને 19 ની ક્રિકેટ પ્રતિભાઓ શોધવામાં આવતી હતી. હવે GCA ના માર્ગદર્શન હેઠળ SDCA ના લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમમાં પુરુષ ક્રિકેટરોને સમાન જ ફિટનેસથી લઈ રમવાની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે.અહીં જીમ,સ્વીમીંગ પુલ, ભોજનમાં ડાયટ ચાર્ટથી લઈ તમામ પ્રોટોકોલ ફોલો કરાવવામાં આવે છે.પ્રજ્ઞા ચૌધરીની જેમ કાનન દેસાઈ પણ BCCI માન્ય કોચ તરીકે ઉભરતી પ્રતિભાઓને કોચિંગ આપે છે.

### સુરત મહિલા ક્રિકેટરોનું લોકપ્રિય સ્થળ ,ગુજરાતની ટીમમાં અર્ધા ખેલાડી સુરતના

વિતેલા વર્ષોનો ઈતિહાસ કહે છે કે, ગુજરાતમાં સૌથી વધુ મહિલા ક્રિકેટર સુરતમાં છે.સુરત મહિલા ક્રિકેટરોનું લોકપ્રિય સ્થળ બન્યું છે.ગુજરાતની મહિલા ક્રિકેટ ટીમમાં અર્ધા ખેલાડી સુરતના હોય છે. ડો. નૈમેષ દેસાઈ કહે છે કે,સ્ટેટ લેવલની જુદી જુદી એજ ગ્રુપ ટીમોમાં સુરતની 50 થી 60 ક્રિકેટર રમે છે.પ્રથમવાર GCA ઈન્ટર ડિસ્ટ્રિક વિમેન્સ ટુર્નામેન્ટ રમાડવાની છે.એ ટુર્નામેન્ટ માટે SDCA પાસે 19 વર્ષની નીચે અને 19 વર્ષથી વધુ વયની કુલ 70થી 80 ખેલાડીઓ છે.અમે 3/4 ગ્રુપમાં વહેંચી તેઓને કોચિંગ સાથે મેચો રમાડીએ છીએ.કેટલીક વાર મહિલા ક્રિકેટરોનો સ્ટેમિના,પૅશન ટેસ્ટ માટે જુદા જુદા એજ ગ્રુપમાં પુરુષોની ટીમ સામે વિમેન્સ ટીમને પણ મેદાનમાં ઉતારીએ છીએ.એક સમયે GCA ના ભરત દુધિયા અમને કહેતા છોકરીઓની ટીમ બનાવો,ICC અધ્યક્ષ જય શાહના આવ્યા પછી મહિલા ક્રિકેટરો માટે સુવિધાઓ વધી છે.



### પેરેન્ટ્સ અને સ્કૂલનો સપોર્ટ જરૂરી છે: નિધિ પટેલ



"ફ્રી એન્ડ ફેર માહોલમાં રમવા માટે પેરેન્ટ્સ અને સ્કૂલનો સપોર્ટ જરૂરી છે.જે અમને મળી રહ્યો છે.અમે બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે બેસ્ટ કોચિંગ લઈ રહ્યાં છીએ. અમારામાની ઘણી છોકરીઓ સ્મૃતિ મંદાના ને આઈડિયલ ક્રિકેટર માને છે.જ્યાં સુધી પહોંચી શકાય ત્યાં સુધી રમવું છે.

## સુરતમાં વિમેન્સ ક્રિકેટર બનવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, 40 થી 50 ક્રિકેટ એકેડમી કાર્યરત

SDCA ના ક્રિકેટ સેક્રેટરી ડો.નૈમેષ દેસાઈ કહે છે કે,"SDCA માં આશાસ્પદ મહિલા ક્રિકેટરોને અંડર 15 થી અંડર 19 સુધી કોઈપણ પ્રકારના જેન્ડર ભેદભાવ વિના પુરુષ ક્રિકેટરોને મળતી તમામ સુવિધા મળી રહી છે.ડિસ્ટ્રીક લેવલ સિલેક્શન પછીની ગણી સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.જેનો પ્રોત્સાહક ખર્ચ SDCA કરે છે.ભારતની મહિલા ક્રિકેટ ટીમના વર્લ્ડ કપ વિજય અને BCCI દ્વારા વિમેન્સ ક્રિકેટ આઈપીએલ. ટુર્નામેન્ટ રમાડવાના આયોજન પછી સુરતમાં 40 થી 50 ક્રિકેટ એકેડમી કાર્યરત છે.જ્યાં ટેલેન્ટેડ અંડર 15 થી 19 મહિલા ક્રિકેટરોને કોચિંગ મળી રહ્યું છે.સુરતમાં વિમેન્સ ક્રિકેટર બનવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે,40 થી 50 ક્રિકેટ એકેડમી અહીં કાર્યરત છે.

### સુરતની મહિલા ક્રિકેટરો સ્ટેટ લેવલે અને ઈન્ડિયા A ટીમ સુધી સ્થાન મેળવ્યું

સુરતની મહિલા ક્રિકેટરો એ સ્ટેટ લેવલે તો પોતાનું નામ રોશન કર્યું જ પણ કૃતિકા ચૌધરી,રેણુકા ચૌધરી અને કૃષ્ણા પટેલ જેવી ખેલાડીને ઈન્ડિયા A ટીમ સુધી સ્થાન મેળવ્યું છે.ઝોનલ કેમ્પમાં પણ 2/3 ખેલાડી સિલેક્ટ થાય છે. 2025-26 GCA સિનિયર ટીમમાં કૃષ્ણા પટેલ,ગોરી ગોયલ,ચાર્લી સોલંકી,રેણુકા ચૌધરી,ક્રુતિકા ચૌધરી U-23 ટીમમાં ક્રિષ્ના પટેલ,ગોરી ગોયલ,ચાર્લી સોલંકી જયા રામુ રમી રહી છે.તો U-19 ટીમમાં અકશાહ પરમાર,દિયા જરીવાલા,શ્રેયા ખલાશી,ચાર્લી સોલંકી,ગોરી ગોયલ,આયુષી પટેલ રમી રહી છે, તો U15 ફ્રેની ચૌધરી,અન્યા પટેલ,ધારા પટેલ,સિયા ચૌધરી,પ્રાચી પરમાર જ્યારે U-17 માં ચાર્લી સોલંકી અકશાહ પરમાર,ફલક દામાણી,ભૂમિ સિસોદિયા તનુ ગોપલ,આયુષી પટેલ સારું પ્રદર્શન કરી રહી છે.

### પેરેન્ટ્સ અને સ્કૂલનો સપોર્ટ જરૂરી છે: નાઇસા પટેલ



SDCA વિમેન્સ કોચિંગ કેમ્પમાં ટ્રેનિંગ લેનાર નાઈસા પટેલ કહે છે કે,"વિમેન્સ ક્રિકેટ ટીમને મળેલી લોકપ્રિયતા પછી હવે છોકરીઓની સંખ્યા વધી છે.અહીં મને અંડર 15 અને 17 ની મેચો રમવાની તક મળી છે.5/6 વર્ષ અગાઉ છોકરીઓ મહિલા ક્રિકેટમાં ઓછી આવતી હતી.હવે એ સંખ્યા વધી છે.હવે સેફટી સાથે આ ક્ષેત્રમાં કેરિયર બનાવી શકાય એવી સ્થિતિ છે.ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટર લોટેન બેલ મારી ફેવરિટ ખેલાડી છે.

### એકેડમીઓ વચ્ચે સંકલન કરી ટેલેન્ટેડ મહિલા ક્રિકેટરો શોધવામાં આવે છે: નવનીત પટેલ



SDCA ના એડમિનિસ્ટ્રેટિવ અને ક્રિકેટ કોચ નવનીત પટેલ કહે છે કે, જેન્ડર ભેદ ઓછો થયા પછી ક્રિકેટ સહિતની રમતોમાં દીકરીઓની સંખ્યા વધી છે.અગાઉ માંડ 2/3 છોકરી કોચિંગ માટે આવતી હતી,એ સંખ્યા હવે વધી છે.SDCA વિમેન્સ પ્રીમિયર લીગ રમાડે છે.GCA ના માર્ગદર્શન હેઠળ ટેલેન્ટ હન્ટ યોજાય છે.એ ઉપરાંત એકેડમીઓ વચ્ચે સંકલન કરી ટેલેન્ટેડ મહિલા ક્રિકેટરો શોધવામાં આવે છે.એને લીધે ગુજરાતમાં મહિલા ક્રિકેટરોની તુલના એ સુરતમાં સંખ્યા વધુ દેખાય છે.SDCA માં સ્થાન મેળવ્યા પછી એક વ્યવસાયી ક્રિકેટરને મળતી તમામ સુવિધાઓ મળે છે.બીજા જિલ્લાઓની દીકરીઓ પણ અહીં રમવા પૂછપરછ માટે આવે છે.સુરતની ક્રિકેટર રેણુકા ચૌધરીને દેશની સૌથી મજબૂત મહિલા ટીમ રેલવે વતી રમવાનો મોકો મળ્યો છે.

### નેશનલ ક્રિકેટ એકેડમીનો વિમેન્સ અંડર 19 ઇલાઇટ કેમ્પ 20 એપ્રિલથી સુરતમાં શરૂ થશે:ડો.નૈમેષ દેસાઈ



ધી સુરત ડિસ્ટ્રિક ક્રિકેટ એસોસિએશનના ક્રિકેટ સેક્રેટરી ડો.નૈમેષ દેસાઈ કહે છે કે," આઈપીએલ.માં મહેન્દ્રસિંહ ધોની દ્વારા ચેન્નાઈની ટીમ દ્વારા સુરતમાં ટ્રેનિંગ માટે બેઝ કેમ્પ બનાવ્યા પછી લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમની કીર્તિ રાષ્ટ્રીય સ્તરે પહોંચી છે. નેશનલ ક્રિકેટ એકેડમીનો વિમેન્સ અંડર 19 ઈલાઈટ કેમ્પ 20 એપ્રિલથી 16 મે સુધી સુરતમાં લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમમાં યોજાશે. શક્યતા એવી છે કે, નેશનલ ક્રિકેટ એકેડમી (NCA) ના ડિરેક્ટર હેડ ઓફ ક્રિકેટ વીવીએસ.લક્ષ્મણ,બેટિંગ કોચ અને ફેકલ્ટી અપૂર્વ દેસાઈ અને સ્પોર્ટ્સ ફિટનેસ નિષ્ણાત(ફિટનેસ અને એથ્લેટિક) અંજુ જ્યોર્જ સુરત આ કેમ્પનું નિરીક્ષણ કરવા આવશે. નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)માં વિમેન્સ ક્રિકેટના વિકાસ માટે જવાબદાર યુવા ખેલાડીઓનું ગ્રુમિંગ, તાલીમ અને રિહેબિલિટેશન સિસ્ટમની દેખરેખ ઇન્ડિયા A, U-19 જેવી ટીમોની પ્રગતિ માટે માર્ગદર્શન કોચિંગ અને ટેલેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સનું નેતૃત્વ કરવામાં આવે છે.નેશનલ ટેલેન્ટ અહીંથી પિક કરવામાં આવે છે.

---

# વર્લ્ડ થિયેટર ડે: રાજ્યમાં સૌથી વધુ ઓડિટોરિયમ ધરાવતું સુરત

CREATIVE માઈન્ડ્સ

આગામી તા.27મી માર્ચના રોજ વર્લ્ડ થિયેટર ડે એટલે કે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીની શરૂઆત 1961માં ઇન્ટરનેશનલ થિયેટર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી. રંગભૂમિના કલાકારો, દિગ્દર્શકો અને નાટ્ય પ્રેમીઓને આ દિવસ સમર્પિત કરવામાં આવ્યો છે ત્યારે જાણવા જેવું છે કે નાટ્યજગતમાં સુરતનું પણ અનોખું નામ છે. ગુજરાતી નાટ્યભૂમિમાં મુંબઈ પછી સુરતનો નંબર આવે છે. અમદાવાદ ભલે ગુજરાતનું પાટનગર હોય પરંતુ સુરત સૌથી વધુ ઓડિટોરિયમ ધરાવે છે. સુરતમાં માત્ર ઓડિટોરિયમ જ નહીં પરંતુ એમ્ફી થિયેટર પણ છે. સુરત એવું શહેર છે કે જ્યાં દર વર્ષે સુરત મહાપાલિકાના સહયોગથી નાટ્ય સ્પર્ધા યોજવામાં આવે છે. જેમાં મહાપાલિકા દ્વારા અનુદાન પણ આપવામાં આવે છે. આ નાટ્યની પ્રવૃત્તિને કારણે સુરતમાંથી સંજીવકુમારથી માંડીને પ્રતિક ગાંધી સુધીના અનેક એવા કલાકારો છે કે જેઓ બોલિવુડ સુધી પહોંચ્યા છે. ત્યારે સુરતમાં આવેલા ઓડિટોરિયમ વિશે જાણવું પણ એક લ્હાવા સમાન છે.





### 1980માં બનેલું ગાંધીસ્મૃતિ ભવન હવે નવા હેરિટેજ લુકમાં દેખાશે

સને 1980માં લોકાર્પિત કરાયેલા નાનપુરા ખાતે આવેલું ગાંધીસ્મૃતિ ભવન નાટ્યજગતમાં અલગ જ સ્થાન ધરાવે છે. દર વર્ષે આ ઓડિટોરિયમમાં આશરે 500 જેટલા નાટકના શો થતાં હતા. 2019માં આ ભવનનો પ્રેક્ષક ગેલેરીનો પીઓપી તૂટી પડતાં તેને નવું બનાવવાનો નિર્ણય કરાયો હતો અને હવે આ ગાંધીજીની સ્મૃતિ સાથે સંકળાયેલા ભવનને હેરિટેજ લુક ગ્રીહા રેટિંગ સાથે નિર્માણ કરાઈ રહ્યું છે.

### એલપી સવાણી રોડનું પરફોર્મિંગ આર્ટ સેન્ટર અનોખું સેન્ટર છે





સુરતમાં એલપી સવાણી રોડ પર આવેલું પરફોર્મિંગ સેન્ટર અનોખું સેન્ટર છે. આ પરફોર્મિંગ સેન્ટરમાં નાટ્ય પ્રવૃત્તિ થાય જ છે પરંતુ મ્યુઝિકથી માંડીને અન્ય પ્રવૃત્તિઓ પણ કરી શકાય છે. આ સેન્ટરમાં 309 બેઠક વ્યવસ્થા છે. ઓડિટોરિયમની સાથે રેકોર્ડિંગરૂમ, ડાન્સ રૂમ, મ્યુઝિક રૂમ, સ્કલ્પટિંગ રૂમ, ડ્રોઈંગ રૂમનો સમાવેશ થાય છે. આ સેન્ટરમાં નાટ્યશ્રેણીના પણ આયોજનો કરવામાં આવે છે.

### સુરતમાં આવેલા ઓડિટોરિયમ

- ગાંધીસ્મૃતિ ભવન (નાનપુરા)
- સરદાર સ્મૃતિ ભવન (વરાછા)
- સંજીવકુમાર ઓડિટોરિયમ (પાલ)
- વાજપેયી ઓડિટોરિયમ (કતારગામ)
- મલ્ટિપર્પઝ ઓડિટોરિયમ (પરવત પાટીયા)
- સાયન્સ સેન્ટર ઓડિટોરિયમ (સિટીલાઈટ રોડ)
- પરફોર્મિંગ આર્ટ સેન્ટર (એલપી સવાણી રોડ)


---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## ભલે હોય અફવા, ભરાવવા પેટ્રોલ-ડીઝલ અમે તો માંડશું દોડવા...





થશે અછત પેટ્રોલ-ડીઝલની અને બંધ થઈ જશે પંપ, સાંભળીને આવી અફવા માર્યો વાહનો લઈને સીધો જમ્પ... ભલે તંત્ર કહેતું હોય કે નહીં ઘટે પેટ્રોલ-ડીઝલ, પણ વાહન કરાવી લેશું ફુલ... મોદીજી કહે કે પરિસ્થિતિ છે ફાઈન પરંતુ લગાડી દીધી અમે તો લાઇન... ટાંકી કરાવીને ફુલ, કાઢી લીધું પેટ્રોલ-ડીઝલ ડબ્બામાં, હવે નથી ચિંતા, હવે આવી ગયા અમે મોજમાં...